કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

સત્યમ્-શિવમ્-સુંદરમ્

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જા.નં-૫૫૭૨ તા.૨૯/૯/૨૦૧૮

પ્રતિ,
તમામ આચાર્યશ્રી,
તમામ શાળાઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય :- ધોરણ ૩ થી ૫ માં વિષય શિક્ષક અને તાસ પધ્ધતિ અમલ અંગે.

સંદર્ભ :- (૧) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડાયેટ પ્રાચાર્ય સાથેની તારીખ ૦૧/૦૯/૨૦૧૮ની વિડીયો કોન્ફરન્સ માં થયેલ ચર્ચા અન્વયે.
(૨) નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. અને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગુ.રા.ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઈઆરટી / સી & ઈ / ૨૦૧૮/૨૧૯૯૦ -૨૨૦૫૯. તા. ૨૪/૦૯/૨૦૧૮.

આથી ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણનો અધિકાર ૨૦૦૯ કાયદાના અમલીકરણ રચના વખતે ધોરણ ૧ થી ૮ના દરેક વિષય શિક્ષણ માટે ચોક્કસ સમય નિયત કરવામાં આવ્યો છે. અને એને ધ્યાનમાં રાખીને જે તે વિષયના પાઠયપુસ્તકો પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ મુજબ ધોરણ ૩ થી ૫ માં વર્ષ દરમ્યાન ઉપલબ્ધ ૮૦૦ શૈક્ષણિક કલાક પૈકી જે તે વિષયની સંદર્ભપત્ર અનુસાર તાસ ફાળવણી કરવાની રહેશે.

જે શાળામાં ધો- ૧ થી ૫ માં ચાર કે તેથી વધુ શિક્ષક હોય તેવી શાળાઓએ ધોરણ ૩ થી ૫ માં તા. ૦૧/૧૦/૨૦૧૮ થી તાસ પધ્ધતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**નોંધ** :- તાસ પધ્ધતિનું આયોજન કરી આપના નિરીક્ષકશ્રીને મેઈલ થી મોકલી આપવું. જેની નકલ રવાના યુ.આર.સી. અને સી.આર.સી. ને કરવી.

વધુ અભ્યાસ માટે આ સાથે સામેલ સંદર્ભપત્ર નો અભ્યાસ કરવો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

બીડાણ:- સંદર્ભપત્ર

સવિનય નકલ રવાના :- (૧) જીસીઈઆર ટી, સેક્ટર -૧૨, ગાંધીનગર. જાણ માટે.
(૨) માન. અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત. જાણ માટે.

૦૪૫
૨૫/૯

ક્રમાંક: જીસીઇઆરટી/સી&ઈ/2018/ ૨૧૯૮૦-૨૨૦૫૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવન,
સેક્ટર-12, ગાંધીનગર.
ફોન: (079) 23256808-39
ફેક્સ: (079)23256812
ઇ-મેઇલ: gcert12@gmail.com

૨૪/૯/૨૦૧૮

પ્રતિ,
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ
શાસનાધિકારી – તમામ
ડાયેટ પ્રાચાર્ય-તમામ

વિષય: ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિના અમલ અંગે

સંદર્ભ: જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડાયેટ પ્રાચાર્ય સાથેની તારીખ 01/09/2018 ની વિડીયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા અન્વયે

શિક્ષણનો અધિકાર ૨૦૦૯ કાયદાના અમલીકરણ અંતર્ગત પુન:રચિત પ્રવર્તમાન અભ્યાસક્રમની રચના વખતે ધોરણ ૧ થી ૮ ના દરેક વિષય શિક્ષણ માટે ચોક્કસ સમય નિયત કરવામાં આવ્યો છે અને એને ધ્યાનમાં રાખીને જે તે વિષયનાં પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરવામાં આવ્યાં છે. આ મુજબ ધોરણ ૩ થી ૫ માં વર્ષ દરમિયાન ઉપલબ્ધ ૮૦૦ શૈક્ષણિક કલાક પૈકી જે તે વિષય માટે નીચે મુજબની તાસ ફાળવણી કરવી.

ધોરણ ૩ થી ૫ - તાસ ફાળવણી

| વિષય | ધોરણ ૩ | | ધોરણ ૪ | | ધોરણ ૫ | |
|---|---|---|---|---|---|---|
| | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર |
| ગુજરાતી | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| ગણિત | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| પર્યાવરણ | 11 | 10 | 10 | 10 | 8 | 8 |
| અંગ્રેજી | 0 | 3 | 3 | 3 | 5 | 5 |
| હિન્દી | 0 | 0 | 0 | 2 | 4 | 4 |
| શા.શિ., ચિત્ર, સંગીત અને કાર્યાનુભવ | 8 | 8 | 8 | 8 | 8 | [illegible] |
| કુલ | **45** | **45** | **45** | **45** | **45** | **45** |

આવક નંબર એમ. એસ. બી.... નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તા. ૨૬/૯/૨૦૧૮

આવક નંબર ૭૩૨
શાખા CMDE
જિ.પ્રા.શિ.ના. કચેરી સુરત

27/9/18

- ધોરણ ૩ થી ૫ માં જે તે વિષયનું શિક્ષણકાર્ય અસરકારક રીતે થાય તે માટે એક શિક્ષક દ્વારા એક ધોરણના તમામ વિષયો ભણાવવાને બદલે ધોરણ ૩ થી ૫ ના શિક્ષકોએ દરેક ધોરણમાં કેટલાક ચોક્કસ વિષય ભણાવે તે વધુ ઉચિત અને પરિણામદાયી રહેશે.
- શિક્ષકને કયા વિષય આપવા તે શાળાના મુખ્યશિક્ષકે નક્કી કરવું. વિષય સોંપવામાં દરેક શિક્ષકને સમાન કાર્યભારની વહેંચણી થાય તેનું ધ્યાન રાખવું.
- જે શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં ચાર કે તેથી વધુ શિક્ષકો હોય તેવી શાળાઓમાં ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિનો અમલ થાય તે મુજબનુ આયોજન કરવુ વિદ્યાર્થીઓના હિતમા રહેશે.
- ધોરણ ૩ થી ૫ માં પ્રવૃત્તિલક્ષી શિક્ષણને પૂરતો ન્યાય મળે તે માટે મોટેભાગે ૩૫ મીનીટના બે તાસ ભેગા કરીને ૭૦ મીનીટનો સળંગ તાસ રાખવો. આ સાથેના પરિશિષ્ટમાં સામેલ નમૂનાના સમયપત્રકનો અમલ કરવો.
- તા. 1-10-2018 થી શાળાઓમાં ઉપર મુજબના સમયપત્રકનો અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતિ છે.

નિયામક
જી.સી.ઈ.આર.ટી.

નિયામક
પ્રાથમિક શિક્ષણ

બિડાણ:

- નમૂનાનું સમયપત્રક

જાવક નં 8911
તા: 25-9-2018

નકલ રવાના – (સવિનય જાણ સારૂ)

- માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. ગુજરાત

પ્રતિ,
- જીલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી સુરત/તાપી
- શિક્ષણાધિકારીશ્રી સુરત.

સવિનય નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે.

Dist. Insti. of